"ડૉક્ટર પ્રણવ મજિઠિયા... પેજ ફોર ડૉક્ટર પ્રણવ મજિઠિયા... અરજન્ટ કૉલ ફોર યુ..." આખી હૉસ્પિટલમાં લગાવેલા લાઉડ સ્પીકર્સમાં વિદેશી ઉચ્ચારો સાથે અનાઉન્સમેન્ટ થઈ રહ્યું હતું.

બપોરના દોઢ વાગ્યાનો સમય હતો. ફિલાડેલફિયાની અબ્રામસન કેન્સર સેન્ટર હૉસ્પિટલનો સ્ટાફ લન્ચ માટે કેફેટેરિયા તરફ જઈ રહ્યો હતો. કેટલાક લોકો કેફેટેરિયાથી પોત-પોતાના વર્કસ્ટેશન તરફ જઈ રહ્યા હતા. સામાન્ય રીતે શાંત અને નિર્જન લાગતી હૉસ્પિટલ લૉબી અત્યારે વાતચીતના અવાજ અને માણસોને કારણે ખાસ્સી જીવંત લાગી રહી હતી. સ્કાય બ્લ્યૂ, ટર્કોઈશ બ્લ્યૂ યુનિફોર્મ પહેરેલા પેરામેડિકલ સ્ટાફ અને વ્હાઈટ એપ્રન પહેરેલા મેડિકલ સ્ટાફની અવર-જવરમાં ક્યાંક કોઈક એકબીજાને વીશ કરી રહ્યા હતા, કોઈક ટોળે વળીને વાતો કરી રહ્યા હતા, તો વળી કોઈ યુગલ – ગર્લફ્રેન્ડ, બોયફ્રેન્ડ ખૂણામાં ઘૂટર ઘૂં કરી રહ્યા હતા. એકથી પોણા બે આ હૉસ્પિટલનો લંચ ટાઈમ હતો. જેને ઈમરજન્સી ન હોય એવા સ્ટાફ માટે, ડૉક્ટર્સ માટે આ નિયમિત સમય હતો. જેમણે ઈમરજન્સી અટેન્ડ કરવાની હોય એ અથવા જેની પાસે રિલિવર ન હોય એવા સ્ટાફને પોતાની સગવડે લંચ કરવાની છૂટ હતી.

પેન્સિલવેનિયા યુનિવર્સિટીની મેડિકલ કૉલેજ સાથે જોડાયેલી આ અબ્રામસન કેન્સર સેન્ટરની હૉસ્પિટલ વિશ્વમાં નંબર વન કેન્સર હોસ્પિટલ છે. અહીં દેશ-વિદેશથી પેશન્ટ્સ કેન્સરની ટ્રીટમેન્ટ માટે આવે છે. યુનિવર્સિટી સાથે જોડાયેલું રિસર્ચ સેન્ટર રોજ અવનવી શોધ કરે છે. કેન્સર અંગેની આ નવી નવી શોધ માટે પણ વિશ્વભરના ડૉક્ટર્સ અહીં આવીને કામ કરવામાં પોતાનું ગૌરવ અનુભવે છે. ડૉક્ટર રોનાલ્ડ ડીમેટ્રીઓ સાથે જોડાઈને કોઈપણ કેન્સર સર્જન પોતાની કારકિર્દીના સર્વોચ્ચ શિખરે હોવાની અનુભૂતિ કરી શકે એવી આ હૉસ્પિટલની શાખ છે.

આજે બપોરે આ હૉસ્પિટલમાં ભારતથી આવેલા એક ડૉક્ટરની શોધમાં વારંવાર અનાઉન્સમેન્ટ થઈ રહ્યું હતું.

"ડૉક્ટર પ્રણવ મજિઠિયા..." આખી હૉસ્પિટલમાં લગાવેલા લાઉડ સ્પીકરમાં ત્રીજીવાર અનાઉન્સમેન્ટ થયું. આ હૉસ્પિટલની સિસ્ટમ હતી. કોણ, ક્યાં હોય એની ખબર ન હોય, કોઈપણ ડૉક્ટર જો પોતાના વર્કસ્ટેશન પર ફોન ન ઉપાડે તો એના નામનું પેજ કરવામાં

આવતું. હૉસ્પિટલના ખૂણે ખૂણે લગાવેલા લાઉડ સ્પીકરમાં પોતાના નામનું પેજ સંભળાય એટલે ડૉક્ટર, પેરા મેડિકલ, મેડિકલ સ્ટાફ લોબીમાં લગાવેલા હાઉસ ટેલિફોનથી રિસેપ્શન પર સંપર્ક કરી શકે. રિસેપ્શન પર એમને મળવા આવેલા વિઝિટર કે એમના વૉર્ડની ઈમરજન્સી અંગેની માહિતી એમને મળી રહે.

"વ્હેર ઈઝ પ્રણવ?" એશિયન દેખાતા એક ડૉક્ટરે સામેથી આવી રહેલી સોનેરી વાળ અને ભૂરી આંખો ધરાવતી સુંદર કહી શકાય એવી નર્સને પૂછ્યું. એના સ્કાય બ્લ્યૂ ઢીલા-ઢાલા કોસ્ચ્યુમમાં પણ એનું સુંદર ફિગર છતું થયા વિના રહેતું નહોતું.

"આઈ ડોન્ટ નૉ." એ સુંદર છોકરીએ ડોકું ધૂણાવીને કહ્યું.

"એના નામનું પેજિંગ ચાલે છે, નેન્સી, કદાચ એના વૉર્ડની ઈમરજન્સી હશે." એશિયન ત્વચા ધરાવતા ભારતીય ડૉક્ટરે પેલી છોકરીને કહ્યું.

"એમને મેં છેલ્લા બે કલાકથી જોયા નથી, ડૉ. નિકુંજ." નેન્સીએ જવાબ આપ્યો, પછી ઉમેર્યું, "તમે કહો તો એનો સેલફોન લગાડું."

"દર વખતે મને પૂછીને ફોન કરે છે?" ડૉ. નિકુંજ પટેલે હસીને નેન્સીની મજાક કરી. ડૉ. પ્રણવ માટે નેન્સીના આકર્ષણની માહિતી લગભગ આખા હિમેટોલોજી ડિપાર્ટમેન્ટ સુધી પહોંચી ગઈ હતી. નેન્સી આમ તો ઑસ્ટ્રેલિયન અને અમેરિકન માતા-પિતાનું સંતાન હતી. ચોવીસ વર્ષની એ છોકરી જે રીતે ડૉ. પ્રણવની આગળ-પાછળ ફરતી એ જોઈને અબ્રામસન કૅન્સર સેન્ટરમાં હળવી મજાક થવા લાગી હતી, "પ્લીઝ, ફાઈન્ડ હીમ." કહીને ડૉ. નિકુંજે મોટા સ્મિત સાથે ઉમેર્યું, "ક્યાંય નહીં હોય તો તારા દિલમાં હશે!"

આ એક એવી હૉસ્પિટલ છે, જ્યાં મૃત્યુનો ઓછાયો લગભગ ચોવીસ કલાક ઝળુંબતો રહે છે. અહીં આવનારા પેશન્ટ્સ સામાન્યતઃ પહેલાં બીજે ક્યાંક સારવાર કરાવીને આવતા હોય છે. બધેથી હારીને અહીં આવનારાની સંખ્યા પ્રમાણમાં વધુ છે, અહીં. મોટાભાગના પેશન્ટ્સની સ્થિતિ ટર્મિનલી ઈલ એટલે કે પ્રમાણમાં ઘણી ખરાબ હોય. અહીં કામ કરતા લગભગ તમામ લોકો માટે રોજનું એક મૃત્યુ બહુ હચમચાવી નાખનારી ઘટના નથી હોતી. એ સિવાય પણ અહીં પીડા અને ડીપ્રેશનનું વાતાવરણ વૉર્ડમાં ચોવીસ કલાક દેખાયા કરે. એટલે અહીં કામ કરતા લોકો માટે આવી હળવી મજાક સામાન્ય રહેવા માટે જરૂરી બની જતી.

"ઓહ!" નેન્સીએ ખભા ઊલાળ્યા, એના સોનેરી વાળ આમતેમ ઝૂલ્યા, એની ભૂરી આંખોમાં તોફાન છલકાયું, "ત્યાં હશે તો બહાર નહીં નીકળે..." એણે પોતાના સુંદર શરીર તરફ ઈશારો કરીને હૃદય પાસે હાથ મૂક્યો, "મારા હૃદયથી વધુ સેફ અને આરામદાયક જગ્યા બીજી કઈ હોય?"

"તારી બાહોમાં..." ડૉ. નિકુંજે નજીક આવીને નેન્સીના ગાલ પર હળવો સ્પર્શ કર્યો, "જોક્સ અપાર્ટ, તું વૉર્ડમાં જઈને પ્રણવને શોધી શકે તો જરા..."

"શ્યોર!" કહીને નેન્સી પણ પોતાની દિશામાં આગળ વધી ગઈ.

ડૉ. નિકુંજ પોતાની ચેમ્બર તરફ જવા લાગ્યા.

અમેરિકા એક જુદા પ્રકારનો દેશ છે. બ્રિટીશર્સ જેવી જડતા નથી, અહીં. સહેજ વધુ સ્વતંત્રતા છે. ખુલ્લા દિલની દોસ્તી છે. સ્ત્રી-પુરુષના સંબંધો વિશે કોઈ છોછ નથી, પણ જો કોઈ આવા સંબંધમાં આગળ ન વધવા માગતું હોય તો એ વિશે કોઈ આગ્રહ, હઠાગ્રહ, દુરાગ્રહ પણ નથી હોતા. કોઈને અપ્રોચ કરવો એ સ્વાભાવિક ઘટના અને એ ના પાડે એને પણ એટલી જ સ્વાભાવિકતાથી લેવામાં આવે છે. હા પાડવામાં કોઈ શરમ, સંકોચ કે દંભ નથી. ને ના પાડવામાં "ખોટું લગાડવા'ની છૂટ નથી અહીં!

સમગ્ર વિશ્વમાંથી ડૉક્ટર્સ અહીં રિસર્ચ કરવા, કામ કરવા, શીખવા અને શીખવાડવા આવે છે. પેન્સિલવેનિયા મેડિકલ કૉલેજના વિદ્યાર્થીઓ પણ છે, અહીં. લગભગ પંદરસો જણાનો પરમેનન્ટ સ્ટાફ અને એ સિવાય વિઝિટિંગ ડૉક્ટર્સ, ફેકલ્ટી થઈને આખી હૉસ્પિટલમાં ત્રણ-સાડા ત્રણ હજાર લોકો રોજ કામ કરે છે. મૃત્યુ પામતા, જીવવાની આશા છોડી ચૂકેલા માણસોને જીવવાનું બળ આપવું એ સહેલું કામ નથી. અહીં સ્ટાફના લગભગ તમામ માણસો અઠવાડિયાના સાતેય દિવસ, દિવસના ચોવીસેય કલાક આ જ કામ કરે છે!

ડૉક્ટર પ્રણવ મજિઠિયા પણ આવા જ એક વિઝિટિંગ ડૉક્ટર તરીકે અબ્રામસન હૉસ્પિટલમાં છેલ્લા ત્રણ મહિનાથી કામ કરતા હતા. ભારતના શ્રેષ્ઠ ઓન્કો સર્જન્સમાં જેનું નામ લઈ શકાય એવા પ્રણવને બહુ નાની ઉંમરે ખૂબ મોટી સફળતા મળી હતી. એમના પેશન્ટ્સ એમને લગભગ ભગવાન સમજતા. પાંત્રીસ વર્ષ કરતાં ઓછી ઉંમરે પ્રણવની નામના પાંત્રીસ વર્ષથી આ ક્ષેત્રમાં કામ કરતા ડૉક્ટર્સ કરતાં પણ વધુ હતી.

અબ્રામસન હૉસ્પિટલ અને પેન્સિલવેનિયા યુનિવર્સિટી તરફથી પ્રણવને સ્પેશિયલ ઈન્વિટેશન આપીને અહીં છ મહિના કામ કરવાનું આમંત્રણ આપવામાં આવ્યું હતું. પોતાના અનુભવો શૅર કરીને ઓન્કોલોજીના સ્ટુડન્ટ્સને ભણાવવાની સાથે સાથે કૅન્સરના ક્ષેત્રમાં થઈ રહેલી નવી શોધખોળ વિશે ભણવા માટે પ્રણવને અહીં સ્પેશિયલ સ્કોલરશીપ આપવામાં આવી હતી.

ત્રણ જ મહિનામાં પ્રણવે વિદ્યાર્થીઓ અને પોતાના પ્રોફેસર્સ સાથે તો મિત્રતા કરી જ લીધી હતી, પરંતુ અબ્રામસનના ઓન્કોલોજી ડીપાર્ટમેન્ટનો સ્ટાફ પણ પ્રણવ સાથે એકદમ ઈમોશનલી જોડાઈ ગયો હતો. પ્રણવની સ્ટાઈલ જ અનોખી હતી. એ ડૉક્ટર ઓછો અને દોસ્ત વધારે હતો. છ ફૂટ જેટલી હાઈટ, વૅલ બિલ્ટ શરીર અને સહેજ ભીને વાન એવો પ્રણવ હસે ત્યારે એના ગાલમાં ઊંડા ખાડા પડતા. પ્રણવની ત્વચા બહુ ગોરી નહોતી, બલ્કે સહેજ શ્યામ કહી શકાય એવો પ્રણવ કાળો પણ કામણગારો હતો. તીખું નાક અને મોટી આંખો પર લાંબી પાપણ પ્રણવના ચહેરાને ખાસ બનાવતી હતી. અહીં કામ કરતી લગભગ બધી જ વ્હાઈટ નર્સીસ, પેરામેડિકલ સ્ટાફની છોકરીઓ અને કેટલીક સિનિયર ડૉક્ટર્સ પણ પ્રણવ પર ફીદા હતી! પરંતુ પ્રણવ તો અહીં કામ કરવા આવ્યો હતો. કોઈ બીજી-ત્રીજી વાતમાં એને રસ પડતો જ નહીં.

હમણા નિકુંજે જેને પ્રણવ વિશે પૂછ્યું, એ નેન્સીએ તો હિંમત કરીને એક દિવસ પ્રણવને ડેટ માટે પૂછી નાખ્યું હતું. પ્રણવે દોસ્તીથી એનો ખભો થાબડતા એને કહેલું, "આઈ એમ

એન ઈન્ડિયન મેરીડ મેન!" પછી સ્નેહથી ઉમેર્યું હતું, "અમારે ત્યાં લગ્ન પછી ડેટીંગ ન હોય." એણે હસતાં હસતાં કહેલું, "આમ તો લગ્ન પહેલાં પણ ન હોય..." નેન્સી હજી હિંમત હારી નહોતી. એ લંચ અવરમાં પ્રણવને શોધતી, હૉસ્પિટલની ડ્યૂટી પૂરી થયા પછી પ્રણવને એના ડૉક્ટર્સ ક્વાર્ટર્સ સુધી લિફ્ટ આપવા માટે કેટલીક વાર અડધો અડધો કલાક પોતાની ગાડીમાં બેસીને રાહ જોયા કરતી. પ્રણવને આ બધી ખબર નહોતી એમ નહીં, પણ નેન્સીનું દિલ ન તૂટે એની કાળજી લઈને પ્રણવ સ્નેહથી એને સમજાવતો, "શું કામ મારી પાછળ તારા પ્રયત્નો વેસ્ટ કરે છે. હું તો હમણા ત્રણ મહિનામાં જતો રહીશ."

નેન્સી હસીને કહેતી, "ત્રણ મહિના એટલે નેવુ દિવસ... લૉટ ઑફ ટાઈમ, ડૉક!"

"યસ, માય ડિયર..." પ્રણવ જવાબ આપતો, "હજી નેવુ દિવસ મારી પત્ની વગર કાઢવાના છે, મારે. લૉટ ઑફ ટાઈમ!" તેમ છતાં એ નેન્સી સાથે પોતાના ક્વાર્ટર્સ સુધી જતો. ક્યારેક એને લન્ચ પર લઈ જતો...

અત્યારે પણ પ્રણવના નામનું પેજ સાંભળીને નેન્સીએ એને શોધવાનો પ્રયત્ન કર્યો. ગઈકાલે એક પેશન્ટ ક્રિટિકલ થઈ ગયું હતું, એટલે પ્રણવે આખી રાત અહીં જ, જાગતાં વીતાવી હતી એ નેન્સીને ખબર હતી. આજે સવારે એ પેશન્ટની હાલત જરા સુધરી હતી, એટલે પ્રણવ પોતાના ક્વાર્ટર પર જઈને સૂઈ ગયો હશે એમ વિચારીને નેન્સીએ હૉસ્પિટલની લોબીનો ફોન ઉઠાવી રિસેપ્શન પર કૉલ કર્યો, "આઈ થીંક ડૉક્ટર પ્રણવ એમના ક્વાર્ટરમાં હશે. એમના સેલફોન પર ટ્રાય કરી જુઓ."

"સેલફોન સ્વીચ્ડ ઑફ છે." રિસેપ્શનિસ્ટે કહ્યું, "અમે પહેલાં જ પ્રયત્ન કરી જોયો."

"ઓ.કે., હું દસ મિનિટ માટે મારા વૉર્ડમાંથી બહાર જાઉં છું. ડૉક્ટર પ્રણવ કદાચ ક્વાર્ટરમાં હોય તો જોઈ આવું."

"હા, હા!" ચશ્માં પહેરેલી રિસેપ્શનિસ્ટે મજાક કરી, "તારે તો એના અપાર્ટમેન્ટ પર જવાનું બહાનું જ જોઈતું હતું."

"ઓ.કે.! તો નથી જતી, કોઈ બીજાને મોકલો." કહીને નેન્સી હસી. એના એ હાસ્યમાં પ્રેમમાં પડી ગયેલી છોકરીની નજાકત અને નિષ્ઠા બંને સ્પષ્ટ સંભળાયા, રિસેપ્શનિસ્ટને.

"સારું, સારું!" એણે ફરી હસીને ઉમેર્યું, "આમ તો ચાલુ ડ્યૂટીએ બહાર જવાની છૂટ નથી કોઈને, પણ તું સ્પેશિયલ કેસ છે." રિસેપ્શનિસ્ટે કહ્યું, "એમના ઘરેથી ત્રણ ફોન આવી ચૂક્યા છે. એમનો સેલફોન બંધ છે. કોઈક અરજન્ટ મેસેજ છે, એટલે..."

"અત્યારે?" નેન્સીએ ઘડિયાળ જોઈ, "ઈન્ડિયામાં સવારના પાંચ વાગ્યા હશે. કંઈ ગરબડ છે?" અત્યાર સુધી ચાલી રહેલી મજાકમાં હવે ચિંતા ભળી, "એના મધર ઓલ્ડ છે."

"તને બહુ ખબર છે!" રિસેપ્શનિસ્ટે કહ્યું.

"અફકોર્સ!" નેન્સીએ અધિકારપૂર્વક કહ્યું, "એના મધર સેવન્ટી એઈટ યર્સના છે. એની વાઈફ અને એનાં મધર એકલાં રહે છે, આખા ઘરમાં." એણે સહેજ ચિંતાપૂર્વક ઉમેર્યું,

"આઈ હોપ બધું બરાબર હોય." ફોન મૂકીને એ લિફ્ટમાં નીચે ઉતરી. હૉસ્પિટલના પાછળના ગેટથી બહાર નીકળી એ સ્ટાફ પાર્કિંગ પાસે પહોંચી.

બેસમેન્ટના સ્ટાફ પાર્કિંગમાં પાર્ક કરેલી ગાડી બહાર કાઢીને એ હૉસ્પિટલના મુખ્ય ગેટમાંથી બહાર નીકળી. સ્પ્રુસસ્ટ્રીટ અને વૉલનટ સ્ટ્રીટની વચ્ચે ખૂણા ઉપર આ હૉસ્પિટલ, અબ્રામસન કૅન્સર સેન્ટર આવેલું હતું. અહીંથી બહાર નીકળીને મુખ્ય દરવાજેથી એક તરફ વૉલનટ સ્ટ્રીટ જવાતું અને દરવાજાની બહાર નીકળીને જો બીજી તરફ વળીએ તો સ્પ્રુસસ્ટ્રીટ તરફ જતો રસ્તો મળતો. મુખ્ય ગેટની બહાર નીકળીને નેન્સીએ પોતાની ગાડી વૉલનટ સ્ટ્રીટ તરફ લીધી. વિદેશથી આવતા સિનિયર્સ ડૉક્ટર્સ માટે અહીં પૂરી સગવડવાળા સ્ટુડીયો અપાર્ટમેન્ટ્સની વ્યવસ્થા હૉસ્પિટલ તરફથી કરવામાં આવી હતી.

સત્યાવીસ માળના આ બિલ્ડિંગમાં દરેક ફ્લોર પર દસ, કુલ બસો સીત્તેર સ્ટુડિયો અપાર્ટમેન્ટ્સ હતા. એના નંબર ફ્લોરના નંબર સાથે જોડીને આપવામાં આવ્યા હતા. પ્રણવનો અપાર્ટમેન્ટ એકવીસમા માળે હતો. ટુ વન ઝીરો ફોર.

નેન્સીએ લિફ્ટમાં એકવીસમા માળનું બટન દબાવ્યું.

લિફ્ટ એકવીસમા માળ પર ઊભી રહી એટલે નેન્સીએ બહાર નીકળીને ઝીરો ફોર નંબરના અપાર્ટમેન્ટ તરફ દોટ મૂકી. એણે ડોરબેલ પર આંગળી દબાવી. અંદર વાગી રહેલી બેલ એને સંભળાઈ. દરવાજો ખુલ્યો નહીં, નેન્સીએ ફરી બેલ વગાડ્યો. દરવાજો ખુલ્યો નહીં...

ભારતની જેમ અહીં બાજુવાળાને ત્યાં તો પૂછાય નહીં! થોડી ચિંતા અને થોડી અકળામણમાં નેન્સીએ ત્રીજી વાર ડોરબેલ વગાડ્યો, પણ દરવાજો ખુલવાના કોઈ આસાર દેખાયા નહીં. ચોથીવાર બેલ દબાવે એ પહેલાં નેન્સીના સેલફોન પર રીંગ વાગી, "યસ!" એણે ફોન ઉપાડ્યો.

"ડૉક્ટર પ્રણવ મળી ગયા છે. એ ડૉક્ટર બેન્સન સાથે ઓ.ટી.માં હતા." રિસેપ્શનિસ્ટનો આરોહ-અવરોહ વગરનો અવાજ સંભળાયો.

"પણ બેન્સન તો..." નેન્સી સહેજ ગુંચવાઈ, "લંગ્સની સર્જરી કરે છે."

"એટલે તો ખબર ના પડી. એમણે કોઈને ઈન્ફોર્મ જ નહોતું કર્યું." રિસેપ્શનિસ્ટે કહ્યું, "ઍકેડૅમિક ઈન્ટરેસ્ટથી એ ઓ.ટી.માં ઓબ્ઝર્વ કરવા ગયેલા." પછી ઉમેર્યું, "તું પાછી આવી શકે છે." નેન્સીએ ફોન ડીસકનેક્ટ કર્યો. પ્રણવ અહીં ન મળ્યો એનાથી એને સહેજ નિરાશા થઈ. ઊંઘતા પ્રણવને જગાડીને એકાદ કૉફી બનાવી આપવાની એની ઝંખના અધૂરી રહી એ વાતે જરાક દુઃખી થઈને નેન્સી લિફ્ટ તરફ પાછી વળી.

અહીં, ઓપરેશન થિયેટરમાંથી કૅપ અને માસ્ક પહેરીને હાથમાં ગ્લવ્ઝ સાથે પ્રણવ બહાર આવ્યો ત્યારે એના ચહેરા પર ચિંતા હતી. ઘરેથી ત્રણ વાર ફોન કરવા પડે એવી કઈ ઈમરજન્સી હોઈ શકે એ વિચારે એનું મન ચકરાવે ચઢી ગયું હતું. એણે ગ્લવ્ઝ ઉતારી, માસ્ક અને કૅપ કાઢીને પોતાનો સેલફોન ઑન કર્યો.

ફોન ઓન થતાં જ એણે જાનુ લખેલા નંબર પર ક્લીક કર્યું. બીપ બીપ અવાજ પછી રીંગ સંભળાવા લાગી. પહેલી, બીજી, ત્રીજી રીંગ સુધીમાં તો પ્રણવના ધબકારા વધી ગયા. એણે ઘડિયાળમાં જોયું. ભારતમાં, અમદાવાદમાં એના ઘરે સવારના પાંચ વાગ્યા હોવા જોઈએ, એને વિચાર આવ્યો. ચોથી અને પાંચમી રીંગે જ્યારે ફોન ઉપાડવામાં આવ્યો ત્યારે પ્રણવના શ્વાસ તેજ થઈ ગયા.

"હલો." એણે કહ્યું, પણ સામેથી કોઈ કશું બોલ્યું નહીં, "હલો, હું પ્રણવ." એણે કહ્યું. આમ તો એની પત્નીના ફોન પર પોતાનું નામ આવ્યું જ હોય તેમ છતાં એણે ફરી કહ્યું, "પ્રણવ બોલું છું."

"ડૉક્ટર પ્રણવ?" સામેથી એક પુરુષ અવાજ સંભળાયો.

"જી, જી..." પ્રણવે કહ્યું, "જહાન્વી ક્યાં છે?"

"એ..." પુરુષ અવાજ સહેજ ગૂંચવણમાં હોય એવું લાગ્યું, પ્રણવને.

"એને ફોન આપો." પ્રણવે કહ્યું.

"એ... પોલિસ સાથે વાત કરે છે." સામેથી જેણે ફોન ઉપાડ્યો હતો એ પુરુષ અવાજે કહ્યું.

"પોલિસ?" પ્રણવને નવાઈ લાગી, "પોલિસ કેમ?"

"વૅલ!" એ માણસે અત્યંત સ્વસ્થતા અને સલૂકાઈપૂર્વક જવાબ આપ્યો, "તમારા મધરનું ખૂન થઈ ગયું છે. અત્યારે ઘરમાં પોલિસ તપાસ ચાલી રહી છે." થોડીક ક્ષણો પ્રણવને કોઈએ જોરથી તમાચો માર્યો હોય એમ એના કાનમાં તમરાં બોલી ગયા. આખી હૉસ્પિટલ ગોળ-ગોળ ફરતી લાગી અને ઑપરેશન થિયેટરની બહાર બેઠેલા લોકો, ખૂણામાં આવેલા વર્કસ્ટેશન ઉપર કામ કરતી નર્સ અને સામેથી આવી રહેલો નિકુંજ પણ એને ગોળ-ગોળ ફરતો લાગ્યો. પ્રણવે આંખો મીંચી દીધી. ત્યાં મૂકેલી બેન્ચ ઉપર એ એટલા જોરથી પછડાયો કે નિકુંજ એને જોઈને દોડતો નજીક આવી ગયો.

"પ્રણવ..." નિકુંજ એની સામે આવીને ઊભો રહ્યો. પોતાના બંને હાથ માથા ઉપર મૂકીને માથુ ઝૂકાવી, કોણી ઘૂંટણ પર ટેકવીને પ્રણવ સૂનમૂન બેસી ગયો, "શું થયું પ્રણવ?" નિકુંજે પૂછ્યું. પ્રણવે "ના'માં ડોકું ધૂણાવ્યું. એની પાસે કહેવા માટે કંઈ નહોતું, કદાચ!

પ્રણવની બાજુમાં પડેલો સેલફોન હાથમાં લઈને નિકુંજે ફોનનું લૉક ચાર ડીજીટના આંકડા દબાવીને ખોલ્યું. પ્રણવની એવી કોઈ વાત નહોતી જેની નિકુંજને ખબર ન હોય. બલ્કે પ્રણવને અહીં, આ હૉસ્પિટલમાં નિકુંજેના લીધે જ આવી શક્યો હતો. એને ઈન્વાઈટ કરવા માટેના બધા પ્રયાસ નિકુંજે કર્યા હતા. એ બંને સ્કૂલથી સાથે ભણ્યા હતા. એન.એચ. એલ. મેડિકલ કૉલેજમાં સાથે એડમિશન લીધું... કેન્સર પર રિસર્ચ કરવાનું પણ સાથે જ નક્કી કર્યું હતું. નિકુંજે અમેરિકા આવવાનો નિર્ણય લીધો જ્યારે પ્રણવ એની મા વીરબાળાબહેન પાસે રહેવા માટે ભારતમાં જ રહ્યો. અત્યારે પ્રણવની આ હાલત જોઈને નિકુંજને સાચે જ ચિંતા થઈ ગઈ. ઘરે શું બન્યું હશે એ જાણવા નિકુંજ પણ બેચેન થઈ ગયો. એણે લાસ્ટ ડાયલ નંબર જોડીને સેલફોન કાને ધર્યો.